॥ श्रीउपदेशग्रंथावलि ॥

॥ अंक तेरमो ॥*

॥ श्रेयोभावना ॥

[૭–૮]

અન્ય મનુષ્યાદિના શુભગુણમાં, શુભવિચારમાં ને શુભપ્રવૃત્તિમાં જે દોષનો આરોપ કરવો તે અસૂયા કહેવાય છે. જે મનુષ્યોના અંતઃકરણમાં પાપસંસ્કારોના બહુપણાથી તમોગુણનું પ્રધાનપણું હોય તેમના અંતઃકરણમાં મનુષ્યોના ગુણદોષને ઓળખવાનું જોઇએ તેવું સામર્થ્ય ન હોવાથી તથા અયોગ્ય સ્વાર્થ સાધવાની કે યોગ્યતાવિના તે મેળવવાની લાલસા તેમના અંતઃકરણમાં વધારે પડતી હોવાથી

સં. ૧૯૮૪ (શાકે ૧૮૪૯) કાર્તિકસુદિ પૂર્ણિમા. આવૃત્તિ પહેલી. પ્રતિ ૨૨૦૧
...ાર:—બ્રહ્મનિષ્ઠ મહારાજ **શ્રીનથુરામશર્મા. બીલખા.** કાઠિયાવાડ.
જિજ્ઞાસુઓને મનન કરવામાટે વિનામૂલ્યે આપવા પ્રકટ કરનાર
...સિંહ ચાંપસિંહ બુદ્ધદેવ તથા હીરાચંદ ચાંપસિંહ બુદ્ધદેવ
રાજકોટ–કાઠિયાવાડ.

અમદાવાદ—પીરમશાહરોડઉપર ધી નિર્મળ પ્રિન્ટીંગ પ્રેસમાં
શિવપ્રસાદ લલ્લુભાઈ ત્રિવેદીએ છાપ્યું.

૧લી [illegible] સંગ્રહ

તે મનુષ્યોના અંતઃકરણમાં અસૂયાનામનો દોષ વધારે પ્રમાણમાં હોય છે. એ અસૂયાદોષ મનુષ્યના અંતઃકરણમાં રહેલા પુણ્યસંસ્કારોનો નાશ કરનાર ને તેના અંતઃકરણમાં નવા પાપસંસ્કાર પાડનાર છે, માટે જેઓ આ લોકના નિર્દોષ સુખને, પરલોકના દિવ્ય સુખને કે મોક્ષરૂપ અવિનાશી સુખને ઇચ્છતા હોય તેમણે જો પોતાના અંતઃકરણમાં અસૂયાદોષ હોય તો તે ત્યજવા પ્રસંગનો વિચાર કરી નીચે જણાવેલી અથવા તેને મળતી શુભભાવના આદિ કરી પોતાના અંતઃકરણમાં રહેલા અસૂયાદોષનો તથા તેના હેતુભૂત પાપસંસ્કારોનો વિનાશ કરવો જોઇએ.

મારે સતશાસ્ત્રોના પ્રીતિપુરઃસર ને સમજપૂર્વક વાચનમનનવડે અને વિવેકી પંડિત પુરુષોના આદરપૂર્વક સમાગમવડે તથા શ્રોત્રિય ને બ્રહ્મનિષ્ઠ પુરુષોનાં પરમાદરસહિત દર્શન, સંગ ને સેવાવડે મારા અંતઃકરણમાં રહેલા ગુણદોષોને ઓળખવાનું સામર્થ્ય મેળવવું જોઇએ. જો હું આવો શુભપ્રયત્ન દીર્ઘસમય, નિરંતર, આદરપૂર્વક કરતો રહું તો મારું અંતઃકરણ ગુણદોષોના સ્વરૂપને જાણવાના બલવાળું થવાથી હું મારા અંતઃકરણમાં રહેલા અસૂયાનામના દોષને જાણી શકું, ને તેને ત્યજવાનો શાસ્ત્રોક્ત શુભપ્રયત્ન પણ કરી શકું. સતશાસ્ત્રો, પરમાત્માના અનન્યભક્તો, યોગીઓ, બ્રહ્મવેત્તાઓ ને શાસ્ત્રને પ્રમાણરૂપ માની તે પ્રમાણે વર્તનારા શિષ્ટજનો અસૂયાને દોષરૂપ કહે છે તો મારે એ અસૂયા ગુણરૂપ નથી, પણ દોષરૂપજ છે એમ નક્કી કરવું જોઇએ. અંતઃકરણાદિમાં રહેલા સર્વ દોષ મનુષ્યાદિને સર્વથા સર્વદા અપકારકજ છે એમ શાસ્ત્રાદિનું કહેવું છે, માટે મારે અસૂયા દોષરૂપ હોવાથી સર્વથા ત્યજવાયોગ્ય છે એમ નક્કી કરી. તે પ્રમાણેજ વર્તવું જોઇએ. તેમાં લેશ પણ પ્રમાદ નજ કરવો જોઇએ.

આ પૃથિવીપર ચાર પ્રકારનાં માણસો છે. પ્રથમ પ્રકારનાં પામર માણસો ગુણદોષનું સ્વરૂપજ સમજતાં નથી તેથી તેમના પાપ-

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૨૩૭૧૧ वर्गांक

पुस्तकनुं नाम ઉપદેશ ગ્રંથાવલિ

विषय

મય અંતઃકરણવડે તેમને મનુષ્યાદિના સર્વ શુભગુણોમાં બહુધા દોષનું દર્શન થાય છે. બીજા પ્રકારનાં સામાન્ય વિવેકી માણસો મનુષ્યાદિમાં રહેલા ગુણોને ગુણોરૂપે ને દોષોને દોષોરૂપે જાણવાનાં ન્યૂનાધિક બલવાળાં હોય છે. ત્રીજા પ્રકારનાં મધ્યમ વિવેકી માણસો મનુષ્યાદિમાં તેમના પાપસંસ્કારોથી રહેલા દોષોનું દર્શન કરવાથી મનુષ્યને કાંઈ લાભ થતો નથી, પણ દોષ જોનારનું મન બગડવારૂપ હાનિ થાય છે, અને મનુષ્યાદિમાં તેમના પુણ્યસંસ્કારોથી રહેલા શુભગુણોનું દર્શન કરવાથી મનુષ્યને પુણ્યસંસ્કારની પ્રાપ્તિ થવારૂપ લાભ થાય છે, માટે મનુષ્યાદિમાં રહેલા દોષોની ઉપેક્ષા કરવી, અને તેમનામાં રહેલા શુભગુણોને આદરપૂર્વક જોવા એ મનુષ્યનું હિત કરનાર છે એમ સમજી મનુષ્યાદિમાં રહેલા શુભગુણોનેજ જુએ છે, અને ચોથા પ્રકારનાં પરમવિવેકી માણસો જેમણે ત્રણ ગુણોનું અતિક્રમણ કરી પરમપાવન બ્રહ્મમાં અભેદભાવે સ્થિતિ કરી હોય છે તેઓ ગુણ તથા દોષ એ બંને માયાના કાર્યરૂપ હોવાથી તેનો વિચાર કરતાં નથી, પણ સર્વત્ર ત્રણ ગુણોથી ને તેમનાં કાર્યોથી પર રહેલા સૂક્ષ્મતમ ને પરમપવિત્ર બ્રહ્મને ઋતંભરાપ્રજ્ઞાવડે વા અંતર્દૃષ્ટિવડે અનુભવે છે. આ વિશ્વમાં ચોથા પ્રકારનાં માણસો અતિન્યૂન હોય છે, ત્રીજા પ્રકારનાં માણસો પણ પ્રમાણમાં કાંઇક ન્યૂન હોય છે, બીજા પ્રકારનાં માણસો તેનાથી કાંઇક વધારે હોય છે, અને પહેલા પ્રકારનાં માણસોથી તો આ વિશ્વ ભર્યું છે એમ કહીએ તો તે ખોટું નથી. મારે પ્રથમ સામાન્ય વિવેકી ને પછી મધ્યમ વિવેકી થઇ અંતે પરમવિવેકી થવું જોઇએ. પરમવિવેકી થયા વિના હું મારો મનુષ્યજન્મ સફલ કરી શકું નહિ. જો મારા અંતઃકરણમાં મારા પૂર્વજન્મના પાપકર્મના સંસ્કારોથી અસૂયાદોષ રહ્યો હોય તો તે અસૂયાદોષ મારે અન્ય મનુષ્યાદિમાં રહેલા શુભગુણાદિભણી દૃષ્ટિ કરી દૂર કરવો જોઇએ. વિવેક તથા

ગુણગ્રાહક દૃષ્ટિ મેળવવાથી અને પોતાના અંતઃકરણમાં રહેલો અસૂયા-દોષ દૂર કરવામાટે કૃપા કરવાની પરમાત્માની આદરપૂર્વક પ્રાર્થના કર્યા કરવાથી મનુષ્યના અંતઃકરણમાં રહેલો અસૂયાદોષ દૂર થાય છે, માટે મારે પણ મારા અંતઃકરણમાં રહેલો અસૂયાદોષ દૂર કરવામાટે એ પ્રમાણે પ્રયત્ન અવશ્ય કરવો જોઇએ.

અસૂયા દોષરૂપ હોવાથી મને આ લોકમાં તથા પરલોકમાં અપકાર કરનારી છે, પણ લગારે ઉપકાર કરનારી નથી. પાપ વા દોષ પોતાના પરિપાકકાલે પાપકર્મ કરનાર મનુષ્યને અવશ્ય દુઃખ આપે છે. દુઃખ સર્વ મનુષ્યને અપ્રિય લાગે છે. મને પણ દુઃખ ગમતું નથી, માટે મારે દુઃખના કારણભૂત અસૂયાનો સદાગ્રહ રાખીને શીઘ્ર પરિત્યાગ કરવો જોઇએ.

જેમ જે મનુષ્યના નેત્રમાં કમળો થયો હોય તે મનુષ્ય સર્વ રંગની વસ્તુને તે તે રંગવાળી નહિ જોતાં પોતાના નેત્રમાંની પીળાશનું તેમાં આરોપણ કરી પીળા રંગવાળી જુએ છે તેમ અસૂયાદોષયુક્ત અંતઃકરણવાળા મનુષ્યો પણ પોતાના અંતઃકરણમાં રહેલા દોષોને અન્ય સજ્જનોના અંતઃકરણાદિમાં જુએ છે. તે દૂષિત હૃદયવાળા દુર્જનો ગીતાજીજેવા સદ્ગ્રંથમાંથી પણ આવો અવળો અર્થ કાઢે છેઃ–"જેમ અર્જુને જયપરાજયાદિને સમ માની યુદ્ધ કર્યા કર્યું તેમ સજ્જનોની અમે નિરંતર કરેલી નિંદા લોકો સાચી માને કે ખોટી માને તેનો વિચાર નહિ કરતાં અમારે તો સજ્જનોની નિરંતર નિંદાજ કર્યા કરવી, કેમકે સદાગ્રહ રાખીને કર્તવ્યમાં મંડ્યા રહેવું એ ગીતાજીનો ઉપદેશ છે!!" અસૂયાદોષથી જ્યારે પાપી માણસોનાં અંતઃકરણો પરાભવ પામી જાય છે ત્યારે તેમની સમજશક્તિ એવી રીતે નાશ પામી જાય છે. હે પરમાત્મન્! મને આવી અસૂયાનામની રાક્ષસીથી સદા બચાવો.

મનુષ્યાદિના શુભગુણાદિ જોવામાં કેવલ આંધળા થવું, ને

મનુષ્યાદિના શુભગુણાદિને દોષરૂપે જોવામાં હજાર આંખવાળા થવું એ દુર્જનોનો કુસ્વભાવ છે; અને મનુષ્યાદિના ગુણાદિમાં ગુણનું દર્શન કરવામાં હજાર આંખોવાળા થવું, ને મનુષ્યાદિના ગુણાદિને દોષરૂપે જોવામાં આંધળા થવું એ સજ્જનોનો સુસ્વભાવ છે. મારે મારું મહામૂલ્યવાળું મનુષ્યજીવન સફલ કરવા સજ્જનોનો સુસ્વભાવ પ્રાપ્ત કરવો જોઇએ, અને દુર્જનોનો કુસ્વભાવ વિષસમાન ગણી તેનો દૃઢતા રાખી પરિત્યાગ કરવો જોઇએ.

માણસોનાં મલમૂત્રભણીજ દૃષ્ટિ કર્યા કરવી, ને તેને ઉપાડ્યા કરવાં તે ભંગીનું કર્મ છે, અને માણસોનાં સુખોભણી દૃષ્ટિ કરવી એ ઉચ્ચ વર્ણના મનુષ્યનું કર્મ છે. મારે જો ભંગીના જેવું ન ગણાવું હોય, પણ ઉચ્ચ વર્ણના જેવું ગણાવું હોય તો મારે મનુષ્યાદિના દોષો જોવામાં મન નજ રાખવું જોઇએ, પણ તેમના ગુણો જોવામાંજ મન રાખવું જોઇએ. દુષ્ટ કલિકાલના પ્રબલપણાથી મનુષ્યાદિના દોષો જોવાતરફ જો મારું દુષ્ટ મન જતું હોય તો મારે તેને સદાગ્રહથી રોકવું જોઇએ, ને તેમના ગુણો જોવાતરફ તેને ધૈર્ય ને સાવધાનતાથી વાળવું જોઇએ.

સુખેચ્છુ મનુષ્યે પશુમાંથી માણસ થવું, માણસમાંથી દેવજેવા થવું, દેવજેવામાંથી ઈશ્વરજેવા થવું, અને ઈશ્વરજેવામાંથી બ્રહ્મરૂપ થવું એવો જો સતશાસ્ત્રોનો ને સત્પુરુષોનો ઉપદેશ મને માન્ય હોય તો મારે મારા અંતઃકરણમાં રહેલું પશુપણું મૂકી દેવામાટે મારા અંતઃકરણમાં રહેલા અસૂયાદોષનો ધૈર્ય ને સાવધાનતા રાખી સર્વથા ત્યાગ કરવો જોઇએ.

મનુષ્ય જેવું જેવું ચિંતન કરે છે તેવો તેવો તે થાય છે એમ શાસ્ત્રજ્ઞ મહાપુરુષો કહે છે, અને સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરનાર વિવેકી મનુષ્યના જોવામાં પણ તેવુંજ આવે છે. જો હું મનુષ્યાદિમાં રહેલા ગુણોની ઉપેક્ષા કરી તેમના દોષોનુંજ વારંવાર દર્શન કર્યા કરીશ

તો હું પણ મનુષ્યાદિના જે દોષોનું હું દર્શન કર્યા કરું છું તે દોષોવાળો પરિણામે થઇશ. જો મારે કોઇ પણ દોષવાળા તથા તે દોષના ફલરૂપ દુઃખના ભોક્તા નજ થવું હોય તો મારે મારા અંતઃકરણમાં રહેલા અન્યના દોષો જોવાનો કુસ્વભાવ ઘણામાં ઘણો પ્રયત્ન કરીને મૂકી દેવો જોઇએ.

અસૂયા મને શો લાભ કરે છે કે મારે તે પાપિનીનું સેવન કરવું જોઇએ? અને ગુણગ્રાહકતા મને શો અપકાર કરે છે કે મારે તેનું સેવન ન કરવું જોઇએ? જો અસૂયા શાસ્ત્રીયદૃષ્ટિએ ને લૌકિકદૃષ્ટિએ સર્વથા અપકારક છે તો મારે સદાગ્રહથી તેનો પરિત્યાગ કરવો જોઇએ, અને ગુણગ્રાહકતા જો શાસ્ત્રીયદૃષ્ટિએ ને લૌકિકદૃષ્ટિએ સર્વથા ઉપકારક છે તો મારે પ્રયત્નપૂર્વક તેની પ્રાપ્તિ કરવી જોઇએ.

પોતાના અંતઃકરણમાં રહેલા પાપસંસ્કારોના બલવાન્‌પણાથી કેટલાક મનુષ્યોને સ્વતઃપ્રમાણભૂત ને હિતકર વેદાદિ સત્‌શાસ્ત્રોમાં દોષદર્શન થાય છે, કેટલાક મનુષ્યોને સર્વજ્ઞ ને હિતોપદેષ્ટા ઋષિમુનિઓમાં ને તેમનાં વચનોમાં દોષદર્શન થાય છે, અને કેટલાકને સજ્જનોમાં ને તેમનાં વચનોમાં તથા તેમની પ્રવૃત્તિમાં દોષદર્શન થાય છે. તેમનું શુભને શુભરૂપે જોવાનું બલ નાશ પામી જવાથી તેઓ શુભને શુભરૂપે જોઇ શકતા નથી, પણ અશુભને શુભરૂપે જોવા લાગે છે. તેઓનાં અંતઃકરણ ને વાણી હડકાયા શ્વાનના જેવાં થઇ જાય છે, ને તેથી તેઓ અયોગ્ય વિચારમાં ને અયોગ્ય પ્રવૃત્તિમાં સર્વદા પ્રવૃત્ત રહી પોતાનો આ ભવ ને પરભવ બગાડે છે. હે પ્રભો! આવી ઉન્માદભરેલી ને અત્યંત અહિતકર અસૂયાથી મારા અંતઃકરણાદિનું રક્ષણ કરવા કૃપા કરો.

કેટલાક નાસ્તિક ને ધર્મભ્રષ્ટ વર્તમાનપત્રવાળા ને લેખકો અન્ય જનોની પાસેથી ધમકીઓ આપી બલાત્કારે પૈસા કઢાવવામાટે વા

સજ્જનોનો દ્વેષ કરવાના પોતાના દુષ્ટસ્વભાવને પોષવામાટે અસૂયા-દોષને વશ થઇ સજ્જનોની નિંદા કરવામાં ને સજ્જનોમાં અછતા દોષોનો આરોપ કરવામાં કાલક્ષેપ કરી પોતાના પાપસંસ્કારોમાં વૃદ્ધિ કર્યા કરે છે. તેઓ દ્રવ્યની દુરાશાને વશ થઇ પોતાની વિદ્યાનો આવો ભયંકર ઉપયોગ કરી કબંધ જેમ પોતાનું મરણ સમીપ આવતાં નાચવા લાગે છે તેમ પોતાનો અધઃપાત સમીપ આવતાં ગાંડાની પેઠે જેમ તેમ બકવાદ કરવા લાગે છે. એવી રીતે ભણેલા છતાં નહિ ગણેલા મનુષ્યો-પાસે મૂર્ખાઇભરેલાં કૃત્યોમાં પ્રવૃત્તિ કરાવનારી અસૂયા છે. આવી અ-હિતકર અસૂયાથી હે સદ્ગુરો ! મારું સર્વદા રક્ષણ કરવા કૃપા કરો.

અસૂયાથી મલિન રહેનારું હૃદય શાસ્ત્રોક્ત સંધ્યાવંદનાદિ નિત્ય-કર્મ કરવામાં પ્રવૃત્તિ કરી શકતું નથી, પરમાત્માની નવધા ભક્તિમાંની કોઇ એક ભક્તિ કે પરમાત્માની અનન્યભક્તિ તે કરી શકતું નથી, યમાદિ અષ્ટાંગયોગનું અનુષ્ઠાન તે કરી શકતું નથી, તથા વેદાંતશાસ્ત્રનું શ્રવણ, મનન ને નિદિધ્યાસન કરી આત્માનો સાક્ષાત્કાર કરવા પણ તે સમર્થ થતું નથી; અને શુભગુણમાં અનુરાગ રાખવાના સ્વભાવ-વાળું હૃદય એ સર્વ શુભકર્મો સારી રીતે કરી શકે છે, તથા મનુષ્યને કૃતાર્થ થવાની યોગ્યતાએ પહોંચાડે છે, માટે મારે દુષ્ટ અસૂયાનો દૃઢતાથી પરિત્યાગ કરી શુભગુણમાં અનુરાગ રાખવાનો સ્વભાવ બલવાન્ કરવો જોઇએ.

શુભગુણને દોષરૂપે જોનારો મનુષ્ય પાપી ગણાય છે. એવા પાપી માણસને શાસ્ત્રોક્ત શુભકર્મનો, પરમાત્માની ભક્તિનો, યોગનાં અંગોનો કે બ્રહ્મજ્ઞાનનાં સાધનોનો ઉપદેશ ન કરવો એમ સત્શાસ્ત્રો આજ્ઞા કરે છે, અને શિષ્ટાચાર પણ એવાજ પ્રકારનો છે. જો મારે મારા જીવાત્મા-નો ઉદ્ધાર કરવો હોય તો મારી યોગ્યતાપ્રમાણે મારે નિષ્કામ-કર્મ, પ્રભુભક્તિ, યોગાનુષ્ઠાન કે વેદાંતશાસ્ત્રનું શ્રવણ આદિ એ સાધનો-

માંથી કોઇ એક સાધન યોગ્ય ગુરુપાસેથી ઉપદેશ લઇને સિદ્ધ કરવું જોઇએ, પણ મને મારા અંતઃકરણમાં રહેલા અસૂયાદોષને લીધે કોઇ ગુરુ ઉપદેશ કરે નહિ, એટલે હું મારા કૃતાર્થ થવાના મનોરથને સિદ્ધ ન કરી શકું. આવી રીતે અસૂયા પરમાર્થના માર્ગમાં મોટા વિઘ્નરૂપ છે, માટે મારે તેનો અવશ્ય પરિત્યાગ કરવો જોઇએ.

મનુષ્યોમાં રહેલા ગુણોને નહિ જોતાં કોઇ પણ પ્રકારે તેમના ગુણોમાં દોષારોપ કરી પ્રસન્ન થનારાં માણસો પોતાના અંતઃકરણમાં રહેલા પાપસંસ્કારોને વશ થઇ ગુણવાનોનો નિરર્થક દ્વેષ કર્યા કરે છે. તેમના દ્વેષ કરવાના સ્વભાવથી તેઓ પાપસંસ્કારની વૃદ્ધિવડે વધારે વિવેકહીન થઇ જેમ તેમ બકવા વા લખવા લાગે છે, ને પોતાના ધંધામાં પાપાચરણ કરવા લાગે છે. પછી ક્રમથી તેઓ ઉન્મત્તજેવા થઇ પોતાનું મનુષ્યપણું ગુમાવી જીવતાંજ પશુપણાના જેવી વા અસુરના જેવી કે પ્રેતના જેવી સ્થિતિ પ્રાપ્ત કરી ધનધાન્યથી ને શરીરથી દુઃખી થાય છે, ને દ્વેષાનલથી પોતાના અંતઃકરણમાં બળ્યા કરે છે, તથા શિષ્ટોના અનાદરને પ્રાપ્ત થઇ પરિણામે પોતાનો પરલોક પણ બગાડે છે. એવી રીતે અસૂયાદોષ બહુ અપકારક છે માટે મારે તેનો પ્રયત્નપૂર્વક અવશ્ય પરિત્યાગ કરવો જોઇએ.

શુભગુણમાં અનુરાગ રાખવાથીજ અસૂયાનામનો દોષ દૂર થાય છે. શુભગુણના અનુરાગને શિષ્ટો બહુ ઉપયોગી સાધન માને છે. તેઓ તેનું આવું માહાત્મ્ય કહે છેઃ—"કિં બહુણા ભણીએણં, કિં તવીએણં કિંવા દાણેણં; ઇક્કં ગુણાણુરાયં, સીક્ખહુ સુખાણકુળ-ભવણં." (બહુ ભણવાથી શું ફલ છે? બહુ તપ કરવાથી શું ફલ છે? ને બહુ દાન કરવાથી પણ શું ફલ છે? એક સુખના સમૂહના ભવનરૂપ શુભગુણમાં અનુરાગ રાખતાં શીખો. એમ કરવાથી તમને ઉત્તમ ફલ મળશે.) અસૂયાનો અનાદરપૂર્વક ત્યાગ કરવાથીજ મનુષ્યના

અંતઃકરણમાં શુભગુણમાં અનુરાગ પ્રકટે છે, માટે મારે હવે મારા અભ્યુદયમાટે તથા નિઃશ્રેયસમાટે ઘણામાં ઘણો પ્રયત્ન કરીને મારા અંતઃકરણમાંથી અસૂયાદોષને કાઢી નાંખવો જોઇએ.

અસૂયાનામનો દોષ જીવને ગાંડાજેવો કરી મૂકે છે. તે પોતે અકલનું બારદાન છતાં પોતાને અકલનો ઇજારદાર માને છે, ને બીજાના મોઢાપર મશ લગાડવા જતાં તે પોતાના મોઢાપરજ મશ લગાડી દે છે. અસૂયાદોષ જીવને સ્થાવરશરીરપર્યંત કે નરકપર્યંત પહોંચાડે છે, અને ગુણનું દર્શન જીવને ક્રમથી સત્યલોકસુધી કે સદ્યોમોક્ષસુધી પહોંચાડે છે, માટે મારે મારું હિત સાધવા અસૂયાનો ત્યાગ કરવો ઉચિત છે, અને શુભગુણનું દર્શન કરવાનો સ્વભાવ પાડવો ઉચિત છે.

સત્પુરુષોના સમાગમથી, સત્શાસ્ત્રોના વાચનમનનથી, ગુણગ્રાહક સ્વભાવ પાડવાથી, પવિત્ર મંત્રનો જપ કરવાથી, પ્રાણાયામનો અભ્યાસ કરવાથી, ને પરમાત્માનું ધ્યાન કરવાથી હૃદય પવિત્ર થઇ તેમાં રહેલો અસૂયાદોષ શાંત થાય છે, માટે મારે મારા મનમાં રહેલો અસૂયાદોષ ટાળવા તેમાંના કોઇ એકનું કે અનેકનું સેવન કરવું જોઇએ.

એ પ્રમાણે અસૂયાની નિવૃત્તિ કરવામાટે કરવાયોગ્ય શ્રેયોભાવના પૂરી થઇ. ૭

સત્શાસ્ત્રોનાં અને બ્રહ્મવિત્ પ્રામાણિક પુરુષોનાં ઉપદેશવચનોમાં અવિશ્વાસ–પ્રામાણિકપણાના નિશ્ચયનો અભાવ–તે અશ્રદ્ધા કહેવાય છે. એ અશ્રદ્ધા પાપસંસ્કારોના બહુપણાવાળા તમોગુણપ્રધાન અંતઃકરણમાં નિવાસ કરે છે. એ અશ્રદ્ધા દૂર કરવામાટે અશ્રદ્ધાળુ મનુષ્યે આવી ભાવના ને ક્રિયા કરવાં જોઇએ. અશ્રદ્ધા મનુષ્યને મનુષ્યના ચિત્તની શુદ્ધિ કરવામાટે શાસ્ત્રે કહેલાં સંધ્યાવંદનાદિ કર્મોમાં, તેમના ચિત્તની એકાગ્રતા કરવામાટે કહેલી પરમાત્માની ઉપાસનામાં વા યોગાભ્યાસમાં, અને તેમને અંતરાત્માથી અભિન્ન બ્રહ્મના જ્ઞાનની પ્રાપ્તિ કરવા-

માટે કહેલ વેદાંતશાસ્ત્રના શ્રવણાદિમાં પ્રવૃત્ત થવા દેતી નથી. એવી રીતે અશ્રદ્ધા વેદાદિશાસ્ત્રે મનુષ્યના હિતમાટે-તેમના અંતઃકરણમાં રહેલા પાપસંસ્કારોની, તેમના અંતઃકરણમાં રહેલી ચંચલતાની, અને તેમના અંતઃકરણમાં રહેલા આવરણની નિવૃત્તિ કરવામાટે-ઉપદેશ કરેલાં શુભકર્મોમાં, પરમાત્માની ઉપાસનામાં વા યોગાનુષ્ઠાનમાં, ને વેદાંતશાસ્ત્રના શ્રવણાદિમાં પ્રતિબંધ કરે છે, માટે તે અશ્રદ્ધાને અત્યંત અપકારક સમજી મારે મારા અંતઃકરણમાં સાત્ત્વિકી શ્રદ્ધાનું બલ વધારી મારા અંતઃકરણમાંથી તે અપકારક અશ્રદ્ધાને દૂર કરી દેવી જોઇએ.

શાસ્ત્રાદિના હિતકર ઉપદેશમાં ને પોતાના હિતકર કર્તવ્યમાં અશ્રદ્ધા રાખવાથી મનુષ્ય પોતાનો આ લોક સુધારી શકતો નથી, અર્થાત્ વિદ્યા, સદાચાર, આજીવિકાનાં સાધનો ને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી તે પોતાનું જીવન સુખમય કરી શકતો નથી, અને અશ્રદ્ધાલુ મનુષ્ય શાસ્ત્રે ને સત્પુરુષે ઉપદેશેલાં સંધ્યાદિ નિત્યકર્મો તથા યજ્ઞાદિ શુભકર્મો કરી શકતો નથી, તેથી તે પોતાનો પરલોક સુધારી શકતો નથી, અર્થાત્ મરણપછી તે સ્વર્ગાદિ ઉત્તમલોકોને પ્રાપ્ત કરી શકતો નથી. વળી અશ્રદ્ધાલુ મનુષ્ય સગુણબ્રહ્મના આરાધનવડે સગુણબ્રહ્મના સાક્ષાત્કારને તથા તેમના ચિરકાલ રહેનારા લોકને તથા ત્યાંનાં શ્રેષ્ઠતર સુખોને પ્રાપ્ત કરી શકતો નથી, અને એવો અશ્રદ્ધાલુ મનુષ્ય યોગનાં અંગોના અનુષ્ઠાનદ્વારા સંપ્રજ્ઞાતયોગને તથા અસંપ્રજ્ઞાતયોગને સિદ્ધ કરી આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત કરી શકતો નથી, તથા એવો અશ્રદ્ધાલુ મનુષ્ય વિવેકાદિ પ્રાપ્ત કરી વેદાંતનું શ્રવણ, મનન કે નિદિધ્યાસન કરી બ્રહ્મસાક્ષાત્કારવડે પ્રાપ્ત થનારો ત્રણ દુઃખોની આત્યંતિકનિવૃત્તિરૂપ ને પરમાનંદની નિત્યપ્રાપ્તિરૂપ મોક્ષને પણ પ્રાપ્ત કરી શકતો નથી. એવી રીતે મનુષ્યનો અધઃપાત કરનારી અશ્રદ્ધાને વશ થઇ અશ્રદ્ધાલુ મનુષ્ય પોતાનો આ લોક બગાડે છે, પરલોક બગાડે છે, સાલોક્યાદિ

ક્રમમોક્ષને પ્રાપ્ત કરી શકતો નથી, અને સદ્યોમોક્ષને પણ મેળવી શકતો નથી. મનુષ્યના જીવનને પશુજેવું કરી નાંખનારી આ અશ્રદ્ધાને પોતાનું હિત ઇચ્છનાર મનુષ્યે પોતાના અંતઃકરણમાં ભૂલથી અલ્પ સમય પણ અવકાશ આપવો ઉચિત નથી. પરમાત્માની અમોઘ કૃપાવડે મારું હૃદય પવિત્ર થાઓ, સતશાસ્ત્રોનાં ને સત્પુરુષોનાં ઉપદેશવાકયોમાં મારા અંતઃકરણમાં બહુ શ્રદ્ધા ને બહુ આદર પ્રકટો, અને મહાપાપિની અશ્રદ્ધાને મારા અંતઃકરણમાં કોઇ પણ સમય લેશ પણ સ્થાન ન મળો.

અશ્રદ્ધા મનુષ્યના અંતઃકરણમાં ઉચ્છૃંખલતા કે નાસ્તિકતા ઉપજાવે છે. તેવા મનુષ્યને શાસ્ત્રમાં ને સત્પુરુષમાં પૂજ્યબુદ્ધિ રહેતી નથી. તેને પોતાનું ડહાપણ ડોળવાનો ને સત્પુરુષોના વિચારમાં ને પ્રવૃત્તિમાં દોષ કાઢવાનો કુસ્વભાવ પડે છે. તેને શિષ્ટાચારને અનુસરીને વર્તવાનું ગમતું નથી. તે લૌકિક ને ધાર્મિક કોઇ કર્તવ્ય વ્યવસ્થાથી ને પૂજ્યબુદ્ધિથી કરતો નથી. વિવેકીને તેના જીવનનો કાંઇ ઉદ્દેશ પ્રતીત થતો નથી, ને તે અવ્યવસ્થિતરીતે પોતાનું જીવન વ્યતીત કરે છે. આવી રીતે અશ્રદ્ધા અશ્રદ્ધાળુ મનુષ્યને તેના મનુષ્યજીવનનો શુભ લાભ લેવા દેતી નથી. હે દયાલો! મારા અંતઃકરણને એ અશ્રદ્ધા કદીપણ લગારે સ્પર્શ ન કરે એવી દયા કરો.

મનુષ્યના હૃદયમાંથી શ્રદ્ધા ગઇ એટલે તેના હૃદયમાંથી સર્વ શુભ ગયું એમ જાણવું. શુભ ગયું એટલે તેના હૃદયમાં અશુભ વિચારો ઊભરાવા લાગે છે, અને તે ઘણાં નિંદ્ય ને પાપમય કર્મો કરવા લાગે છે. પછી તેને ઈશ્વરનો, શાસ્ત્રનો કે લોકનો ડર રહેતો નથી. તે પોતાના પાપસંસ્કારોમાં વધારો કર્યાં કરે છે. તેને સારું કામ કરવાનું સૂઝતું નથી. પાપસંસ્કારો તેને ઊંધાં કામ કરાવ્યા વિના જંપવા દેતા નથી, ને તે ઉત્તરોત્તર વધારે વધારે પાપકર્મો કરી ધન, શરીરનું આરોગ્ય,

ઇંદ્રિયસામર્થ્ય ને અંતઃકરણનું સામર્થ્ય ખોઇ બેસી પોતાનો આ લોક બગાડે છે, ને તેનો પરલોક તો તેણે પ્રથમથીજ બગાડેલો હોય છે. આવી રીતે અશ્રદ્ધા મનુષ્યની અધોગતિ કરનારી છે. હે કરુણાસાગર! મારા અંતઃકરણને એ પાપિની અશ્રદ્ધાથી બચાવવા દયા કરો.

અશ્રદ્ધા મનુષ્યનું લોહી ચૂસી લેનારી વિકરાલ ડાકણ છે મનુષ્યના પાપસંસ્કારના ઉદયથી એ વિકરાલ ડાકણનો મનુષ્યના અંતઃકરણમાં જો લગાર પણ પ્રવેશ થયો તો તુરતજ તે અશ્રદ્ધાને સાહાય્ય કરવા તેના પાપી મળતીઆરૂપ સંશય, કુતર્ક, વિવેકહીનતા ને ઉચ્છૃંખલતા આદિ ભૂતાવળ આવી પહોંચી તે મનુષ્યના હૃદયને વશ કરી લે છે. પછી અશ્રદ્ધા, સંશય, કુતર્ક, વિવેકહીનતા ને ઉચ્છૃંખલતા આદિને વશ થયેલું તે મનુષ્યનું અંતઃકરણ નિકટનાં સગાંઓમાં, મિત્રોમાં, સત્પુરુષોમાં, સદ્દગુરુમાં, સતશાસ્ત્રોમાં ને પરમેશ્વરમાં સંશયયુક્ત થાય છે, તે તેમના સંબંધમાં મૂર્ખાઇભરેલા અઘટિત કુતર્કોવાળું થવા લાગે છે, તે ઇશ્વરપ્રતિ, સદ્દગુરુપ્રતિ, સતશાસ્ત્રોપ્રતિ, માતપિતાદિપ્રતિ, સત્પુરુષોપ્રતિ ને સદાચારપ્રતિ સમજુએ જેવા વિવેકથી વર્તવું જોઇએ તેવા વિવેકથી વર્તવા સાવધાનતા સેવતું નથી, પણ તેમના પ્રતિ અવિવેકથી વર્તવામાં અથવા અવળચંડા થવામાં પોતાને માન મળ્યું એમ સમજવા લાગે છે, અને તે ઉન્મત્તપણાને વશ થઇ કોઇના કાર્યાકાર્યમાં નહિ રહેતાં હડકાયા કૂતરાની પેઠે વર્તવામાં સુખ માની લે છે. જે મનુષ્ય શ્રદ્ધારૂપ ચિંતામણિનો પરિત્યાગ કરી કૂટલી વિષમય કોડીરૂપ અશ્રદ્ધાને સેવે છે તેના જેવો હીનભાગી મનુષ્ય આ જગતમાં બીજો કોઇ નથી. હે દયાસિંધો! કૃપા કરી મારા અંતઃકરણને એ વિષવલ્લીરૂપ અશ્રદ્ધાનો વા ન વાવા દ્યો.

સતશાસ્ત્રોનાં ને સત્પુરુષોનાં પરમહિતકર વચનોમાં શ્રદ્ધા રાખનારું અંતઃકરણ સ્વકર્તવ્યપરાયણ, પુણ્યસંસ્કારોના સદ્દભાવથી પવિત્ર,

શાંત, પ્રસન્ન, સુખી, સર્વ પ્રાણીઓપ્રતિ યથાયોગ્ય વર્તનારું, પ્રામાણિક, ઇશ્વરથી ને પાપકર્મથી ડરીને ચાલનારું, નિર્દોષ વિષયોનું પરિમિત સેવન કરનારું, ને સર્વદા ઊર્ધ્વગામી હોય છે, અને સતશાસ્ત્રોનાં ને સત્પુરુષોનાં પરમહિતકર વચનોમાં શ્રદ્ધા નહિ રાખનારું અંતઃકરણ સ્વકર્તવ્યવિમુખ, પાપસંસ્કારોના બહુપણાથી મલિન, વ્યાકુલ, ચિંતાગ્રસ્ત, દુઃખી, સર્વ પ્રાણીઓની સાથે આડોડાઇથી વર્તનારું, અપ્રામાણિક, ઇશ્વરથી તથા પાપથી નહિ ડરનારું, વિહિત ને નિષિદ્ધ સર્વ વિષયોનું અપરિમિત સેવન કરનારું, અને ઉત્તરોત્તર અધોગમન કરનારું હોય છે. શ્રદ્ધાવાળું અંતઃકરણ જીવાત્માને સાચી શાંતિનો ને સાચા સુખનો અનુભવ કરાવે છે, અને અશ્રદ્ધાવાળું અંતઃકરણ જીવાત્માને વ્યાકુલતાનો ને પરિતાપનો અનુભવ કરાવે છે, માટે સર્વ સુખેચ્છુ મનુષ્યોએ પોતાના અંતઃકરણને સર્વદા સાત્ત્વિકી શ્રદ્ધાથી ભરેલું રાખવું જોઇએ. જો સાત્ત્વિકી શ્રદ્ધાજ મનુષ્યનું આ લોકમાં ને પરલોકમાં હિત કરનારી છે તો મારે તેનાથી વિપરીતસ્વભાવવાળી મહાપાપિની અશ્રદ્ધાને દોઢડાહ્યા થઇને મારા અંતઃકરણમાં શામાટે અવકાશ આપવો જોઇએ? હે મહાદાની પ્રભો! મને સાત્ત્વિકી શ્રદ્ધાનું શુભદાન આપવા કૃપા કરો.

અશ્રદ્ધાલુ હૃદય સ્મશાનજેવું, કબરસ્તાનજેવું, દખમાજેવું, કસાઇખાનાજેવું, ભંગીઆવાડાજેવું, ઢેડવાડાજેવું કે ચમારના કુંડજેવું અપવિત્ર ને અમંગલ પદાર્થોરૂપ મલિન વિચારોથી ભરેલું હોય છે; અને શ્રદ્ધાવાળું અંતઃકરણ પવિત્ર દેવાલયજેવું વા પરમાત્માની પ્રાર્થના કરવાના પવિત્ર મંદિરજેવું પવિત્ર ને મંગલ પદાર્થોરૂપ શુભવિચારોથી ભરેલું હોય છે. અશ્રદ્ધા મનુષ્યના અંતઃકરણમાં પાપી વિચારોને તથા પાપી પ્રવૃત્તિને અવકાશ આપે છે, અને શ્રદ્ધા પવિત્ર વિચારોને તથા પવિત્ર

પ્રવૃત્તિને અવકાશ આપે છે. આમ હોવાથી મારે યોગ્ય વિચારોવડે મારા અંતઃકરણમાં સાત્ત્વિકી શ્રદ્ધા સુસ્થિર રાખવી જોઇએ, અને અશ્રદ્ધાને બલાત્કારે હડસેલીને મારા અંતઃકરણમાંથી બહાર કાઢવી જોઇએ.

અશ્રદ્ધાને મનુષ્યના અંતઃકરણમાં અવકાશ મળ્યો કે તુરતજ તે અંતઃકરણમાં વેદાદિ સત્શાસ્ત્રોમાં, તદનુસાર પ્રતિપાદન કરનારાં અન્ય શાસ્ત્રોમાં, શાસ્ત્રાજ્ઞાનુસાર વર્તવાનો પ્રયત્ન કરનારા સજ્જનોમાં, પોતાના માનેલા ગુરુમાં, શાસ્ત્રે મનુષ્યના હિતમાટે પ્રતિપાદન કરેલાં મોક્ષનાં દૂરનાં ને સમીપનાં સાધનોમાં, અને શુભાશુભ કર્મોનાં શુભાશુભ ફલોમાં પ્રથમ ઉદાસીનતા ને પછી દ્વેષ પ્રકટે છે. એવી રીતે અશ્રદ્ધા મનુષ્યને શુભનો દ્વેષી બનાવી તેને શુભકર્મના ને શુભવિચારના સેવનથી વિમુખ કરી અશુભકર્મમાં ને અશુભવિચારમાં જોડી તે મનુષ્યને પશુસમાન બનાવી મૂકે છે. એવી રીતે શુભની પરંપરાથી મનુષ્યને છૂટો પાડી તેને અશુભની પરંપરામાં જોડવાના સામર્થ્યવાળી અશ્રદ્ધા છે. અશ્રદ્ધા વધવાથી મનુષ્ય ઉન્મત્તજેવો થતાં તે ગાંડાની પેઠે સંબંધવિનાનું ને અસત્ય બોલવા લાગે છે, સંબંધવિનાનું ને અસત્ય લખવા લાગે છે, સજ્જનોનો ઉપહાસ કરવા લાગે છે, સજ્જનોની અયોગ્ય નિંદા કરવા લાગે છે, પોતાના ને પોતાના સંબંધીઓના વિચાર ને વર્તન કેવાં છે તે જાણ્યા છતાં તે વિષે મૌનજ સેવે છે, અને પોતાના અધઃપાતમાટે વસ્તુસ્થિતિ સમજ્યા વિના સજ્જનોના વિચારની ને વર્તનની વિવેકહીનતાવડે ટીકા કરવા લાગે છે. હે કારુણ્યસિંધો! મારા અંતઃકરણમાં વિવેકનું બલ વધારવાની કૃપા કરી મહાપાપિની અશ્રદ્ધાથી મારા અંતઃકરણનું રક્ષણ કરવા કૃપા કરશો, અને મહાહિતકારિણી સાત્ત્વિકી શ્રદ્ધાથી મારું અંતઃકરણ સર્વદા ભરપૂર રાખવા દયા દર્શાવશો.

જેમ ચોરને ચાંદની ગમતી નથી, દુર્જનોને સજ્જનો ગમતા નથી, ઘૂડ આદિને સૂર્યનો પ્રકાશ ગમતો નથી, અને અસુરોને દેવો ગમતા નથી, તેમ અશ્રદ્ધાલુ મનુષ્યોને "श्रद्धावान् लभते ज्ञानं" (શ્રદ્ધાવાળો મનુષ્ય બ્રહ્મજ્ઞાનને પ્રાપ્ત કરે છે,) "श्रद्धा फलिष्यति सर्वत्र" (શ્રદ્ધા સર્વ વિષયમાં ફલીભૂત થઇ શકશે,) અને "श्रद्धा-वीर्यस्मृतिसमाधिप्रज्ञापूर्वक इतरेषाम्" (ઉપાયપ્રત્યય યોગીઓને શ્રદ્ધા, ધારણા, ધ્યાન, સમાધિ અને વિવેકખ્યાતિપૂર્વક યોગનો લાભ થાય છે,) ઇત્યાદિ શાસ્ત્રવચનો સત્યરૂપે જણાતાં નથી. વ્યાવહારિક કર્મોમાં પણ અશ્રદ્ધાલુ મનુષ્ય ઉમંગવાળા પ્રયત્નને અભાવે ઇચ્છિતની પ્રાપ્તિ કરી શકતો નથી ત્યારે અતીંદ્રિય વિષયોનો લાભ અશ્રદ્ધાલુ મનુષ્ય શી રીતે પ્રાપ્ત કરી શકે? આવી રીતે અશ્રદ્ધાલુ મનુષ્ય આ લોકનાં નિર્દોષ સુખોનો, સ્વર્ગલોકનો કે મોક્ષનો લાભ મેળવવા સમર્થ થતો નથી. હે ભગવન્! શુભ ઇચ્છિતની પ્રાપ્તિમાં મહાવિઘ્ન કરી મનને ક્ષોભવાળું કરનારી અશ્રદ્ધા મારા હૃદયમાં કદીપણ આવિર્ભાવ ન પામે, પણ મારું હૃદય સર્વદા સાત્ત્વિકી શ્રદ્ધાથી ભરેલું રહે, ને તેથી હું સર્વદા સ્વધર્મશીલ રહું એવી દયા કરશો.

કેટલાક મનુષ્યોના અંતઃકરણમાં પાપસંસ્કારોના વધારાથી ઉચ્છૃંખલતા ને સમજશક્તિનું અભિમાન વિશેષ હોવાથી તેમને શાસ્ત્રોનાં વચનોમાં ને સત્પુરુષોનાં વચનોમાં શ્રદ્ધા રાખવામાં પોતાની બુદ્ધિની હીણપ પ્રતીત થાય છે. તેમને આ વિશાલ વિશ્વમાં પોતાનાથી કોઇ વધારે ડહાપણવાળું માણસ હોય એમ પ્રતીત થતું નથી, ને તેમના અંતઃકરણની એવી સ્થિતિ હોવાથી તેમનું અંતઃકરણ ચંચલ ને પ્રકટ કે અપ્રકટ દુઃખવાળું રહ્યા કરે છે. તેમના શુભ નિશ્ચયની ને સદ્-વર્તનની સલામતી મનાતી નથી. તેવો મનુષ્ય ક્યારે પોતાનો નિશ્ચય

બદલી નાંખશે, તે ક્યારે ફરી બેસશે, અને તે સ્વકર્તવ્યથી ને સા વર્તનથી ક્યારે ચલાયમાન થઇ જશે તે કહી શકાય નહિ. જેને સા શાસ્ત્રોનાં ને સત્પુરુષોનાં વચનોમાં શ્રદ્ધા નથી તેવા અશ્રદ્ધાલુ મનુષ્ય વચનોમાં કયો સમજુ મ રાખી શકે ? અશ્રદ્ધાલુ મનુ વ્યવહારમાં સારો મનુષ્ય થઇ શકતો , તે જિજ્ઞાસુ થઇ શકતો નથ તે મુમુક્ષુ થઇ શકતો નથી, તે મોક્ષસાધક થઇ શકતો નથી, તે પ લોકમાં સારી ગતિ મેળવી શકતો નથી, તે પ્રભુભક્ત થઇ શકતો નથ તે યોગી થઇ શકતો નથી, તે બ્રહ્મજ્ઞાની થઇ શકતો નથી, અને મોક્ષનો લાભ પણ મેળવી શકતો નથી. એવી રીતે અશ્રદ્ધા મનુષ્ય ઇષ્ટની નહિ પણ અનિષ્ટનીજ પ્રાપ્તિ કરાવનારી છે, માટે પોતાનું હિત ઇચ્છનાર મનુષ્યે તેનો સર્વદા સર્વથા પરિત્યાગજ કરવો જોઇએ. જો હું કોઇ પણ પ્રકારનું આ લોકનું કે પરલોકાદિનું સુખ મેળવવા ઇચ્છતો હોઉં તો મારે સતશાસ્ત્રના વિચારથી ને સત્પુરુષોના સમાગમથી મારા અંતઃકરણમાં સાત્વિકી શ્રદ્ધાનો વધારો કરી મારા અંતઃકરણમ અશ્રદ્ધાને મૂલસહિત કાઢી નાંખવી જોઇએ.

પુણ્યકર્મનું યથાશક્તિ સેવન કરવાથી, પાપકર્મનો પરિત્ય રાખવાથી, આહાર પથ્ય પવિત્ર ને પરિમિત લેવાથી, ઉંડા શ્વા લેવાથી, સત્પુરુષોનો સમાગમ રાખવાથી, સતશાસ્ત્રોનું વાચનમ કરવાથી, અને આત્માનો, વિશ્વરચનાનો ને પરમાત્માનો યથાશક્તિ વિચાર કરતા રહેવાથી અંતઃકરણનો મેલ દૂર થવા લાગતાં મનુષ્ય અંતઃકરણમાં રહેલી અશ્રદ્ધા દૂર થવા લાગે છે.

એ પ્રમાણે અશ્રદ્ધાની નિવૃત્તિ કરવામાટે કરવાયોગ્ય શ્રેયોભાવના પૂરી થઇ. ૮